GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉક્ટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ દશમ શનિવાર ૨૨ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૫૬

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# CJPના આંદોલન પછી જંતર મંતર પર હવે અનામત વિરોધી આંદોલન

## રાહુલ ગાંધીના ૬ કલાકના ધરણા પછી પેલેટ ગનના પીડિતની ફરિયાદ લેવાઇ




**૨૦ જુલાઇએ** જંતર મંતર ખાતેના વિરોધ પ્રદર્શનો વખતે પોલીસે પેલેટ ગનથી ગોળીબાર કરતા એક યુવકને ઇજાઓ થઇ હતી

**આ યુવકના** અનેક ધક્કાઓ છતાં તેની ફરિયાદ લેવાતી ન હતી, છેવટે રાહુલ ગાંધી તેની મદદ માટે આવ્યા

**અરાજકતાનું** રાજકારણ રમવાનો રાહુલ પર ભાજપનો આક્ષેપ

**નવી દિલ્હી, 21 (PTI):** કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે અહીં પાલમિન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ખાતે આજે ૬ કલાક કરતા વધુ સમય સુધી ધરણા કર્યા હતા જેના પછી પેલેટ ગનની ગોળીઓથી ઇજા પામેલ એક યુવકની ફરિયાદ પર એફઆઇઆર દાખલ કરવામાં આવી હતી.

### DCP સાથે ચર્ચાનું પરિણામ નહીં આવતા રાહુલ ધરણા પર બેસી ગયા

ગાંધી, લોચબ સાથે પ્રથમ મંદિર માર્ગ પોલીસ સ્ટેશન ગયા અને FIR નોંધવાની માંગ કરી. તેમની માંગ સ્વીકારવામાં ન આવ્યા બાદ, તેઓ પાલમિન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન ગયા અને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ સચિન શર્માને મળ્યા. સચિન શર્મા સાથેની ચર્ચાનું કોઈ પરિણામ ન આવતા, કોંગ્રેસ નેતા પોલીસ સ્ટેશનમાં જ ધરણા પર બેસી ગયા, જ્યાં DCPની ઓફિસ પણ આવેલી છે. લોચબ અને તેમની માતા પણ ત્યાં હાજર હતા. રાહુલે કહ્યું હતું કે જ્યાં સુધી એફઆઇઆર નહીં નોંધાય ત્યાં સુધી ઝુકીશ નહીં. સાંસદ પ્રિયંકા ગાંધી તથા કોંગ્રેસના અન્ય નેતાઓ પણ ધરણામાં જોડાયા હતા.

### ગૃહ મંત્રીની મંજૂરી મળી પછી FIR નોંધાઇ: રાહુલ

ગાંધીએ, જેમણે અગાઉ આક્ષેપ કર્યો હતો કે ફરિયાદ ન નોંધવા માટે પોલીસ પર "ઉપરથી દબાણ" છે, તેમણે દાવો કર્યો હતો કે ગૃહ મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓની મંજૂરી મળ્યા પછી જ FIR દાખલ કરવામાં આવી હતી. તેમણે કહ્યું, ગૃહ સચિવ અને અમિત શાહની મંજૂરી બાદ આખરે FIR નોંધવામાં આવી છે, ત્યારે તમે કલ્પના કરી શકો છો કે FIR નોંધતા કોણ રોકી રહ્યું હતું, આ કામ આ પોલીસકર્મીઓ કરવા માંગતા હતા પરંતુ તેમને તેમ કરવા દેવામાં આવતું ન હતું.

...અનુસંધાન પાના 11 પર



**દિલ્હી** પોલીસે પરવાનગી નહીં આપી છતાં જંતર મંતર પર આંદોલનકારીઓ ભેગા ગયા

**જ્ઞાતિ** આધારિત અનામત અને યુજીસીના સમાનતાના નવા નિયમો સામે વિરોધ

**રામલીલા** મેદાન પર ધરણા માટે પરવાનગી અપાઇ છતાં જંતર મંતર પર રોકાઇ રહ્યા, રાત્રિ સુધીમાં હજારો લોકો ભેગા થઇ ગયા, સંખ્યાબંધની અટકાયત

**નવી દિલ્હી, તા. 21:** કોકરોચ જનતા પાર્ટી (CJP) ના વિરોધ-પ્રદર્શનના પૂરા થયાના માંડ એક મહિના પછી જંતર-મંતર ફરી એકવાર ગતિરોધનું સ્થળ બની ગયું છે. આ વખતે આ આંદોલન જાતિ-આધારિત અનામતની વિરુદ્ધ છે. ઉપરાંત કેમ્પસોમાં સમાનતા માટેના યુજીસીના નવા નિયમોનો પણ વિરોધ થઈ રહ્યો છે.

'રિઝર્વેશન હટાઓ આંદોલન'ના બેનર હેઠળ પ્રદર્શનકારીઓ શુક્રવારે સવારે દિલ્હી પહોંચ્યા અને પ્રદર્શન કરવાની મંજૂરીને લઈને દિલ્હી પોલીસ સાથે ઘર્ષણમાં ઉતરી આવ્યા. પોલીસે તેમને રામલીલા મેદાન જવા માટે કહ્યું, પરંતુ જૂથે ત્યાંથી ખસવાની ના પાડી દીધી. આયોજકોમાંથી એક અભિષેક અગ્નિહોત્રીએ જણાવ્યું કે અમે જંતર-મંતર પર અમારું મંચ બનાવી રહ્યા છીએ અને ક્યાંય નહીં ખસીએ. અમે સવારથી અહીં જ છીએ અને લોકોની સંખ્યા વધતી જઈ રહી છે. અમે આ જગ્યા છોડીને નહીં જઈએ. ચાર વાગ્યા પછી પણ આંદોલન ચાલુ રહ્યું હતું અને રાત્રિના અહેવાલ મુજબ જંતર મંતર પર હજારો લોકો ભેગા થઈ ગયા હતા. તેઓ જ્ઞાતિ આધારિત અનામત અને યુજીસીના સમાનતાના નવા નિમયોનો વિરોધ કરી રહ્યા છે.

દિલ્હી પોલીસે સાંજના ૪ વાગ્યા સુધી રામલીલા મેદાન પર ૫૦૦ જણાને શાંતિપૂર્ણ ધરણા કરવાની પરવાનગી આપી હતી પરંતુ આંદોલનકારીઓ જંતર મંતર પર જ રહ્યા હતા અને ૪ વાગ્યા પછી પણ આંદોલન ચાલુ હતું. દિલ્હી પોલીસના

...અનુસંધાન પાના 11 પર

## મેઘાલયમાં પેટ્રોલ બોમ્બ અને આગચંપીથી ભારે અફરાતફરી



**મેઘાલયમાં** સરકારી મિલકતો પર આગચંપી, પેટ્રોલ બોમ્બથી હુમલા, વાહનો સળગાવાયા

**બુધવારે** ખાસી સ્ટુડન્ટ્સ યુનિયનની રેલીમાં થયેલી હિંસા બાદ તણાવ યથાવત, 25 ઓગસ્ટ સુધી કેન્દ્રીય દળોની તૈનાતી

**શિલોગ, તા. 21 (પીટીઆઇ):** મેઘાલયમાં તણાવ વચ્ચે સરકારી મિલકતો પર આગચંપી અને પેટ્રોલ બોમ્બ હુમલાની ઘટનાઓ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે બે દિવસ પહેલાં ખાસી સ્ટુડન્ટ્સ યુનિયનની બ્લેક-ફ્લેગ બાઇક રેલી દરમિયાન થયેલી હિંસા બાદ તણાવ યથાવત છે.

શિલોંગના લાચુમીયેર વિસ્તારમાં અગાઉ નેશનલ પીપલ્સ પાર્ટીનું કાર્યાલય રહેલી ઇમારતને શુક્રવારે સવારે પેટ્રોલ બોમ્બથી નિશાન બનાવવામાં આવી હતી, જોકે બોમ્બ ફાટ્યો ન હતો. વેસ્ટ ખાસી હિલ્સના નોંગસ્ટોઇનમાં ગુરુવારે રાત્રે બે સરકારી વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. માઉક્હલામ, નોંગપિંડેંગ અને માઉશિનરુટમાં PWD તથા SDO કચેરીઓ પર પણ પેટ્રોલ બોમ્બ ફેંકાયા હતા, જેમાં સામાન્ય નુકસાન થયું હતું.

શિલોંગમાં નોંગમેન્સોંગ પોલીસ ચોકીમાં પેટ્રોલ બોમ્બ ફેંકાતા પરિસરમાં પડેલી ખુરશીમાં આગ લાગી હતી, પરંતુ કોઈને ઈજા થઈ ન હતી. રિ-ભોઈમાં વોટર રિસોર્સિસ વિભાગના પરિસરમાં બે સરકારી વાહનો અને એક મોટરસાઇકલ સળગાવી દેવામાં આવી હતી. સાઉથ વેસ્ટ ખાસી હિલ્સમાં પણ એક સરકારી કચેરી પર પેટ્રોલ બોમ્બ ફેંકાયો હતો.

કેન્દ્ર સરકારે કાયદો-વ્યવસ્થા જાળવવા મેઘાલયમાં 25 ઓગસ્ટ સુધી CRPFની ચાર અને RAFની એક કંપની તૈનાત કરવાની મંજૂરી આપી છે. બુધવારની હિંસા મામલે પોલીસે અત્યાર સુધી 15 એફઆઈઆર નોંધી છે.

દરમિયાન, આસામ-મેઘાલય

...અનુસંધાન પાના 11 પર

## રેવંત રેડ્ડીની અમેરિકા મુલાકાતને કેન્દ્રએ મંજૂરી આપી નહીં

**નવી દિલ્હી-હૈદરાબાદ, તા. 21 (PTI):** વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું કે તેલંગાણાના મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીને અમેરિકાની પ્રસ્તાવિત મુલાકાત માટે રાજકીય મંજૂરી આપવામાં આવી નથી, કારણ કે પ્રવાસ દરમિયાનનો કાર્યક્રમ મુખ્યમંત્રીના પદ અને મુલાકાતના હેતુને અનુરૂપ 'યોગ્ય' ન હતો. સરકારની આ ટિપ્પણીથી થોડા કલાક પહેલાં જ રેડ્ડીના કાર્યાલયે કહ્યું હતું કે મંજૂરી ન મળતાં તેમણે અમેરિકાનો પ્રવાસ રદ કર્યો છે.

રેડ્ડીના પ્રવાસમાં હાર્વર્ડ યુનિવર્સિટી, MIT, નોર્થ-ઈસ્ટર્ન યુનિવર્સિટીના કેમ્પસની મુલાકાત અને બોસ્ટનમાં વર્જિનિયા ટેક યુનિવર્સિટીની ટીમ સાથે બેઠક સામેલ હતી. ન્યૂયોર્કમાં 26 ઓગસ્ટે ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસ (USA) સાથે 'મીટ એન્ડ ગ્રીટ' કાર્યક્રમ પણ યોજાવાનો હતો. તેઓ 30 ઓગસ્ટે હૈદરાબાદ પરત ફરવાના હતા.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે મુખ્યમંત્રીઓ સહિત અન્ય મહાનુભાવોની વિદેશ મુલાકાત માટે રાજકીય મંજૂરી આપતી વખતે મંત્રાલય પ્રવાસના કાર્યક્રમનું મૂલ્યાંકન કરે છે. આ કિસ્સામાં અમેરિકાનો પ્રસ્તાવિત

...અનુસંધાન પાના 11 પર

## ચાંચિયાઓએ 22 ભારતીયો સાથેના બે જહાજોનું કર્યુ અપહરણ

**એડનના** અખાતમાંથી ૨૦ ઓગસ્ટે ૧૬ ભારતીયો સાથેના જહાજનું અપહરણ થયું, આ પહેલા ૧૭મીએ સોમાલિયાના પંટલેન્ડ કિનારેથી ૬ ભારતીયો સહિતના અન્ય એક જહાજનું અપહરણ થયું હતું

**બંને** જહાજો પરના ભારતીયો સહિત તમામ ખલાસીઓ સલામત હોવાના અહેવાલ: અપહરણ ચાંચિયાઓએ કર્યું છે, ઇરાન યુદ્ધ સાથે સંબંધ જણાતો નથી

**નવી દિલ્હી, 21 (PTI):** યમન અને સોમાલિયાના દરિયાકિનારે બે અલગ-અલગ ઘટનાઓમાં સશસ્ત્ર ચાંચિયાઓ દ્વારા કુલ 22 ભારતીય નાગરિકોને લઈ જતા બે વ્યાપારી જહાજોનું અપહરણ કરવામાં આવ્યું છે, એમ શિપિંગ મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

મળતી તાજેતરની માહિતી મુજબ બંને જહાજો પર સવાર ભારતીય ક્રૂ મેમ્બર્સ સુરક્ષિત છે, તેમ અધિકારીએ જણાવ્યું હતું.ઈરિટ્રિયાનો ધ્વજ ધરાવતા ઓઈલ પ્રોડક્ટ્સ ટેન્કર M.T. Sibu 1 (જેમાં 16 ભારતીયો સહિત 20 ક્રૂ મેમ્બર્સ સવાર છે) નું 20 ઓગસ્ટે યમન કિનારેથી લગભગ 30 નોટિકલ માઈલ દૂર 'ગલ્ફ ઓફ એડન'માં અપહરણ કરવામાં આવ્યું હતું.ક્રૂ મેમ્બર્સમાં એક સીરિયન, એક સુદાનિઝ અને એક ઈરાકી નાગરિક પણ સામેલ છે, જ્યારે અન્ય એક દરિયાઈ ખલાસીની રાષ્ટ્રીયતાની પુષ્ટિ થવાની બાકી છે.અધિકારીના જણાવ્યા અનુસાર, કેમરૂનનો ધ્વજ ધરાવતા બીજા જહાજ M/V LUTUFનું 17 ઓગસ્ટે સોમાલિયાના પંટલેન્ડ કિનારેથી

...અનુસંધાન પાના 11 પર

## ઈથેનોલને કારણે ખાંડના ભાવ વધ્યા નથી: સરકાર

**ગયા** વર્ષે ઇથેનોલ બનાવવા માટે ખાંડના કુલ જથ્થામાંથી ૯ ટકા જથ્થો જ વાપરવામાં આવ્યો

**પૂરતો** જથ્થો હોવા છતાં મિલરો ભાવ વધારી રહ્યા છે, શેરડીને સડો લાગવાને કારણે ઉત્પાદન ઘટ્યું છે છતાં પૂરતો જથ્થો છે

**સંગ્રહખોરો** અને કાળાબજારિયાઓ સામે પગલા લેવા રાજ્યોને સૂચના અપાઇ છે

**નવી દિલ્હી, તા. 21 (PTI):** સરકારે શુક્રવારે એવા દાવાઓને ફગાવી દીધા હતા કે ઈથેનોલ ઉત્પાદન તરફ ખાંડનો જથ્થો વાળવામાં આવતા ખાંડના ભાવમાં તીવ્ર વધારો થયો છે. સરકારે તેના બદલે દેશમાં ઘરગથ્થુ માંગને પહોંચી વળવા માટે પૂરતો સ્ટોક હોવા છતાં ભાવ વધારવા બદલ ખાંડ ઉદ્યોગ જગતને જવાબદાર ઠેરવ્યું હતું.

કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે તેણે રાજ્યોને ખાંડનો સંગ્રહખોરી અને કાળાબજારી કરનારાઓ સામે પગલાં લેવા અને આશરે ૧૫ ઓક્ટોબરથી મિલો દ્વારા પીલાણ સીઝનની વહેલી શરૂઆત કરવા માટે તૈયારીઓ કરવા જણાવ્યું છે. તે વેપારીઓ હાલમાં જે સ્ટોક રાખી શકે છે તેમાં પણ ઘટાડો કરવા વિચારણા કરી રહી છે. ખાંડની ઉપલબ્ધતા અને ભાવ અંગે મીડિયાને માહિતી આપતાં ખાદ્ય સચિવ સંજીવ ચોપરાએ જણાવ્યું હતું કે, સરકારે ૩૧ ઓક્ટોબર સુધીમાં ૧૦ લાખ ટન ખાંડની આયાત કરવાની મંજૂરી આપીને તથા વેપારીઓ તેમજ સોફ્ટ ડ્રિંક અને આઈસ્ક્રીમ બનાવતી બલ્ક વપરાશકર્તા કંપનીઓ પર સ્ટોક-મર્યાદા લાદીને સાવચેતીના પગલાં લીધાં છે. તેમણે દાવો કર્યો હતો કે ૨૦૨૫-૨૬ના માર્કેટિંગ વર્ષ (ઓક્ટોબર-સપ્ટેમ્બર) માટે ઉત્પાદન ઘટીને ૩૦૬ લાખ ટન થવાનો અંદાજ હોવા છતાં દેશમાં ખાંડનો પૂરતો સ્ટોક છે, જે અગાઉ ૩૪૩ લાખ ટન રહેવાનો અંદાજ હતો. વાર્ષિક સ્થાનિક ખાંડની માંગ આશરે ૨૮૦-૨૮૫ લાખ ટન જેટલી છે. ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયે એક

...અનુસંધાન પાના 11 પર

### કોલકાતામાં ખાંડના ભાવ કિલોએ રૂ. ૭૦ સુધી પહોંચ્યા

**કોલકાતા.** તહેવારોની સિઝન પહેલા કોલકાતાના બજારોમાં ખાંડના છૂટક ભાવ વધીને ૭૦ પ્રતિ કિલો સુધી પહોંચી ગયા છે, તેમ વેપારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. વેપારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા એક મહિનામાં જ ભાવમાં કિલો દીઠ ૨૦નો વધારો થયો છે, જ્યારે છેલ્લા ચાર-પાંચ દિવસમાં જ અચાનક ૧૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. ખાંડ સાથે સંકળાયેલી વસ્તુઓ જેવી કે ગોળ, પતાસા અને નકુળદાણાના

...અનુસંધાન પાના 11 પર

## જયપુરમાં સરકારી શાળાની તપાસ કરવા ગયેલી CJP ટીમ પર હુમલો

**ભેંસના તબેલામાં ચાલતી શાળાની તપાસ કરવા CJP પહોંચી, ગામમાં જ રોકી દેવાઈ**

**ગ્રામજનો સાથે ધક્કામુક્કી, વાહનોના કાચ તોડ્યા**

**CJPએ** શિક્ષણમંત્રી અને પોલીસની ભૂમિકા પર ઉઠાવ્યા સવાલ



**જયપુર, તા. 21 (PTI):** રાજસ્થાનના જયપુર જિલ્લાના રામપુરા કનવરપુરા ગામમાં સરકારી શાળાની સ્થિતિની તપાસ કરવા ગયેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)ની ટીમને ગ્રામજનોએ કથિત રીતે રોકી દીધી અને ગામમાં પ્રવેશતા અટકાવતાં ધક્કામુક્કી થઈ હતી. CJPએ આ ઘટનામાં BJPના કાર્યકરો સામેલ હોવાનો આરોપ લગાવ્યો છે.

CJPના સહ-સંયોજક આશુતોષ રાંકાએ આરોપ લગાવ્યો કે ટીમના સભ્યો પર હુમલો થયો, પથ્થરમારો કરવામાં આવ્યો અને વાહનોના કાચ તોડી નાખવામાં આવ્યા. મહિલાઓ સાથે પણ ગેરવર્તન થયું હોવાનો તેમણે દાવો કર્યો. જોકે બાગરુના DSP ધર્મેન્દ્ર શર્માએ આવી કોઈ ઘટનાની જાણકારી હોવાનો ઈનકાર કર્યો હતો.

ઘટનાના વીડિયોમાં CJPની ટીમને ગામમાં પ્રવેશતી રોકવા મોટી સંખ્યામાં લોકો સાથે ધક્કામુક્કી અને ઉગ્ર બોલાચાલી થતી જોવા મળી હતી. કેટલાક વીડિયોમાં ટીમના વાહનોના તૂટેલા કાચ પણ જોવા મળ્યા હતા. અહેવાલ મુજબ રાંકા સાથે પણ મારપીટ કરવામાં આવી હતી. આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ

...અનુસંધાન પાના 11 પર

### દીપકેની દિલ્હી જેવા આંદોલનની ચીમકી

આ બનાવ બાદ દીપકેએ કહ્યું કે 48 કલાકમાં શાળાના સમારકામનું કામ શરૂ નહીં થાય અને હુમલા માટે જવાબદાર ભાજપના લોકોની ધરપકડ કરવામાં નહીં આવે તો તેઓ પોતે જયપુર આવશે. તેમણે 48 કલાકમાં ન્યાય નહીં મળે તો દિલ્હીમાં થયેલા પ્રદર્શન જેવું મોટું આંદોલન રાજસ્થાનમાં શરૂ કરવાની ચેતવણી આપી છે. દીપકેએ કહ્યું કે અમે શાળાનું સમારકામ કરાવીને જ રહીશું. દીપકેએ Gen Z એટલે કે યુવા પેઢીને એકજૂથ થવાની અપીલ કરી છે.

### તા. ૨૧-૦૮-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.૦૦ કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૨.૦ સે. | ૨૭.૪ સે. | ૬૭% |

